કોટવાળિયાઓના ઘરોની છત પહેલા પાંદડાથી છાજવામાં આવતી. પછી છાજની જગ્યાએ દેશી કે વિલાયતી નળિયાનો કે સિમેન્ટના પતરાનો ઉપયોગ થયેલો દેખાય છે. ઉપરાંત કંઇક અંશે વાંસની લીપેલી કે ઇંટોની દિવાલવાળા, વધુ બારી-બારણાની સગવડવાળા અને અમુક રાચરચીલાવાળા તેમજ કયાંક કયાંક પાકા મકાનો છે. આના પાછળનું કારણ સરકારશ્રી તરફથી ઘરો બનાવવા માટે મળતી સહાય છે.



(કોટવાળિયાના ઘરો)

(૧) કાચુ રહેઠાણ:

કાચા રહેઠાણમાં ઘરનું ભોંયતળિયું માટીકે પથ્થરોનો પાયો હોય છે અને તેના ઉપર છાણથી લિપણ કરેલ હોય છે. ઘરની દિવાલ વાંસ કે માટીના કાચા ઇંટની હોઇ માટી મિશ્રિત છાણથી લિપેલ હોય છે. ઘરના છાપરા ઉપર દેશી કે વિલાયતી નળિયા તેમજ લોખંડ કે સિમેંટના પતરા મુકવામાં આવેલા હોય છે.

(૨) પાકુ રહેઠાણ:

પાકા રહેઠાણમાં ઘરનું ભોંય તળિયુ સિમેન્ટથી પ્લાસ્ટર કરેલ હોય, ઇંટ કે પથ્થરોનો પાકો પાયો હોય. ઇંટની પાકી દિવાલ બનાવેલી હોય છે. લાદી ગોઠવેલી કે છાણનું લિપણ હોય છે. બારી-બારણાની સગવડ હોય. ઘરના છાપરા ઉપર વિલાયતી નળિયા કે સિમેન્ટ/લોખંડના પતરા મુકેલા હોય છે. મોટાભાગના ઉત્તરદાતાઓ આર્થિક રીતે પછાત કે ગરીબીની રેખા નીચે જીવે છે.

કોષ્ટક: ૩, ઉત્તરદાતાના ઘરના ઓરડા દર્શાવતું કોષ્ટક

| અ.નં. | વિગત(ઘરના ઓરડા) | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | એક ઓરડાવાળા ઘર | ૧૧ | ૩૩.૩૩% |
| ૨ | બે ઓરડાવાળા ઘર | ૧૪ | ૪૨.૪૨% |
| ૩ | ત્રણ ઓરડાવાળા ઘર | ૪ | ૧૨.૧૨% |

| | | | |
|---|---|---|---|
| ૪ | ચાર ઓરડાવાળા ઘર | ૨ | ૦૬.૦૬% |
| ૫ | પાંચ/છ ઓરડાવાળા ઘર | ૨ | ૦૬.૦૬% |
| કુલ | | | ૧૦૦% |

## પાણીયારાની સગવડ:

પાણીયારાની સગવડ એ પરંપરાગત સાંસ્કૃતિક લાક્ષણિકતાઓનું પ્રતિક છે. આદિમજુથો પાણી માટે માટલાનો ઉપયોગ કરતા હતા. પરિણામ સ્વરૂપે ભોંયતળિયુ તેમનું પાણીયારુ હતું. તેઓ માને છે કે માટલાં તેમને ફ્રિઝ અથવા કુલરની ગરજ સારે છે. એટલા માટે જ તેમના ઘરોમાં માટલા જોવા મળે છે. બાહ્ય સમાજ સાથે સંપર્કો થતા તાંબા, પિતળ કે સ્ટીલના "ગુંડા"(ઘડા)ઓનો ઉપયોગ કરતા થયા છે. બે નાની થાંભલી ઉપર એક પહોળું આડું પાટિયું ગોઠવી એની ઉપર ઘડાઓ મુકે છે. આ "માળી" મોટાભાગે ઘરમાં રસોડાની દીવાલને અડીને ગોઠવે છે.

આજે આદિમજુથોમાં જૂને અને નવી ઢબ એમા બે પ્રકારના પાણીયારા જોવા મળે છે. જૂની ઢબ એટલે ભોંયતળિયે કે લાકડાની બનાવેલી માળી અને નવી ઢબ એટલે પાકા ઇંટ સિમેન્ટ પથ્થરના વ્યવસ્થિત પાણીયારા બનાવેલ હોય છે.

**કોષ્ટક: ૪, ઘરમાં પાણીયારાની સગવડ દર્શાવતું કોષ્ટક**

| અ.નં. | વિગત(પાણીયારાની સગવડ) | ઉત્તરદાતાની સંખ્યા | ટકાવારી(%) |
|---|---|---|---|
| ૧ | માળી પર | ૧ | 3.03% |
| ૨ | ભોંયતળિયે | ૨૩ | ૬૯.૬૯% |
| ૩ | માટીના કાચા પાણીયારા | ૮ | ૨૪.૨૪% |
| ૪ | પાકા પાણીયારા | ૧ | 3.03% |
| કુલ | | | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઇ શકાય છે કે આજે પણ ભોંયતળિયે પાણીના ઘડા મુકનારાઓની સંખ્યા સૌથી વધારે છે ૨૩ અને નવી ઢબના પાકા પાણીયારાની સંખ્યા માત્ર ૧ છે. જેનાથી ખ્યાલ આવે છે કે આજે પણ આ લોકોએ તેમની પરંપરા જાળવી રાખી છે.

## ચોકડીની સગવડ:

પરંપરાગત રીતે કોટવાળિયાઓમાં દરેકના ઘરના પાણી મુકવાની કે અન્ય જગ્યાએ સ્નાન કરવા માટેની ચોકડી હોય જ એ તેમના મને જરૂરી નથી. આંગણામાં એકાદ મોટો પથ્થર મુકવામાં આવે તેના ઉપર બેસી તેઓ સ્નાન કરતાં કે પછી નદીએ, કુવા પાસે જઇને સ્નાન કરી લેતા, ઉપરાંત રોજે સ્નાન કરવું જ જોઇએ એને તેઓ જરૂરી સમજતા પણ ન હતા. વર્તમાન પ્રવાહમાં તેઓ પણ સભ્ય સમાજના સંપર્કથી અથવા સરકારશ્રીની વિકાસલક્ષી યોજનાઓનો લાભ મળવાથી ઘરમાં ચોકડી કે

આંગણાના બાજુમાં ફરતે કંતાન લગાવી અથવા લાભ અનુસાર બાથરૂમ બનાવતા થયા છે. છતાં ૩૩ ઉત્તરદાઓ પૈકી ચોકડીવાળાઓની સંખ્યા માત્ર ૧૧ જ છે. ચોકડી વગરનાઓની સંખ્યા ૨૨ છે.

### વિજળીની સગવડ:

સરકારશ્રીની જ્યોતિર્ગ્રામ યોજના થકી આખા ગુજરાત રાજ્યમાં વિજળીની વ્યવસ્થાનું નિર્માણ થયુ છે. જેનો લાભ આ લોકોને પણ મળેલ છે. વિજળીનું જોડાણ મળેલ છે અને જ્યોતિર્ગ્રામ યોજના અમુકા અંશે લાભકારક પણ રહી છે. લોકો તેનો ઉપયોગ કરે છે. તમામ ૩૩ ઉત્તરદાતાઓના ઘરમાં વિજળીની સગવડ જોવા મળે છે.

### નળની સગવડ:

કોટવાળિયાઓ વ્યવસ્થા અનુસાર કુવા કે બોરના પાણીનો ઉપયોગ કરતા, અત્યારે સરકારશ્રીની યોજનાઓના લીધે તેમના ઘેર ઘેર પાણીના નળ ગોઠવવામાં આવ્યા છે. ફિલ્ડવર્ક દ્વારા મળેલ માહિતી મુજબ ૩૩ ઘરો પૈકી ૩૨ના ઘરોમાં પાણીના નળની વ્યવસ્થા જોવા મળેલ છે.

### ઘરમાં આધુનિક ઉપકરણોની સગવડ:

કોટવાળિયાઓ પરંપરાગત સાધનોના ઉપયોગ ઉપરાંત કેટલાંક નવા ઉપકરણો પણ તેઓ વાપરતા થયા છે. આમાં લાકડા કે સ્ટીલના કબાટ, પતરાની કોઠીઓ, સીવવાનો સંચો, ઘડિયાળ, ડ્રિંયો, સાયકલ, મોટરસાયકલ, ટી.વી., ટેપ રેકોર્ડર વગેરે કોટવાળિયા સંસ્કૃતિના સંદર્ભમાં આધુનિક દુનિયાના સાધનો છે. એનો ઉપયોગ જરૂરિયાત ઉપરાંત મોજશોખની વસ્તુઓ તરફની વધતી જતી તેમની અભિરૂચિ દર્શાવે છે. જે તેમની પરંપરાગત સંરચના કરતાં વિરુદ્ધની પરિવર્તનની તીવ્ર ગતિશીલતા દર્શાવે છે. આ બધા ઉપકરણો બાહ્ય સમાજો સાથેના સંપર્ક અને અવલંબનના સ્ત્રોત બને છે. આ માહિતી નીચેના કોષ્ટક ઉપરથી વધારે સમજી શકાશે.

કોષ્ટક: ૫, ઘરમાં આધુનિક ઉપકરણો દર્શાવતું કોષ્ટક

| અ.નં. | આધુનિક ઉપકરણો | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી(%) |
|---|---|---|---|
| ૧ | ટેલીવિઝન | ૨૧ | ૬૩.૬૩% |
| ૨ | રેડિયો | ૧ | 3.03% |
| ૩ | મોબાઇલ | ૧૪ | ૪૨.૪૨ |
| ૪ | અન્ય-પંખા, ફ્રીઝ, સગડી વગેરે) | ૧૮ | ૫૪.૫૪ |

ઉપરોક્ત કોષ્ટક પરથી માલુમ પડે છે કે વર્તમાન સમાજની માંગ પ્રમાણે કોટવાળિયા આદિમજૂથો પણ પાછળ નથી. ૩૩ પૈકી ૨૧ ઘરોમાં ટી.વી., અને ૧૪ ઘરોમાં મોબાઇલનો ઉપયોગ થાય છે. મોબાઇલ ઉત્તરદાતાઓના ઘરના અન્ય સભ્યો પાસે પણ જોવા મળ્યા છે, જેનો અહિ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઉપરાંત ટકાવારીમાં પણ અમુક ઘરમાં તમામ સાધનો જોવા મળ્યા હોવાથી કુલ-૧૦૦% એમ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**ખેતીમાં ખાતરનો ઉપયોગ:**

કોટવાળિયાઓની જમીનનું પ્રમાણ તપાસતા માલુમ પડે છે કે કુલ ૩૩ ઉત્તરદાઓ પૈકી ૧૪ જમીન ધરાવે છે, અને ૧૮ પાસે જમીન નથી પણ વાડા પ્લોટ(ઘર પુરતી જગ્યા)છે. ૧૪ પાસે જે જમીન છે તે ખૂબ જ ઓછી છે અને તે તેઓને વારસામાં મળેલ છે. ૧ ઉત્તરદાતાએ જમીન ખરીદેલી છે. જેઓ જમીન વિહોણા છે અને વાડા પ્લોટ ધરાવે છે તેમને વાડા પ્લોટ સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે.

ખેતીમાં ખાતર, જંતુ નાશક દવાઓ અને સુધારેલા બિયારણોના સંદર્ભમાં જાણવા મળ્યું કે જે ૧૪ પાસે જમીન છે તે પૈકીના ૮ જ ઉત્તરદાતાઓ જંતુ નાશક દવાઓ અને સુધારેલા બિયારણો કે ખાતર વાપરે છે. બાકીના ૭ ઉત્તરદાતાઓ જેમની પાસે પશુધન છે તેવાઓ આજે પણ સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરે છે.

**પશુધન:**

પશુધન અંગેની માહિતી મેળવતા જાણવા મળ્યુ કે ૩૩ પૈકી માત્ર ૮ ઉત્તરદાતાઓ ગાય રાખે છે. તેઓ નજીકની દુધ ડેરીમાં દુધ આપી થોડી-ઘણી ઉપજ મેળવી લેય છે.

**મરઘા/બકરા:**

પ્રાપ્ત માહિતી અનુસાર ૧૮ ઉત્તરદાતાઓ મરઘા/બકરાઓ પાળે છે. તેઓ આનો ઉપયોગ ખાવા, વેચવા, વિધિવિધાનમાં બલી ચઢાવવા માટે કે પછી ઘરે કોઇ મહેમાન આવી જાય ત્યારે તેની મહેમાનગતિ માટે પાળતા હોય છે.

**આવક:**

એમના જીવન નિર્વાહનુ મુખ્ય સ્ત્રોત એ લોકો ટોપલાઓ, સુપડાઓ આદિ વાંસમાંથી બનાવેલી વસ્તુઓ વેચીને કરે છે અને તેમના જણાવ્યા મુજબ સિઝન પ્રમાણે ૩,૦૦૦ થી ૪,૦૦૦ હજાર રૂપિયા કમાઇ લેતા હોય છે. બાકી ખેતીમાંથી તો વળી કેટલાક થોડા ભણેલા-ગણેલા નજીકના ઉદ્યોગોમાં મજુરીએ જાય છે. તેમના જણાવ્યા મુજબ ત્યા તેઓને ૭,૦૦૦ થી ૮,૦૦૦ હજાર રૂપિયા મળતા હોય છે. કોટવાળિયાઓએ જીવન ટકાવી રાખવા, જીવનનિર્વાહ માટે સતત સંઘર્ષ કરવો પડે છે. તેઓ મર્યાદિત સાધનોથી પોતાનો જીવન નિર્વાહ કરે છે. આવી સ્થિતિમાં તેઓના વિશે વિશેષ સંશોધન કરવાની જરૂરિયાત જણાય છે. સરકારશ્રીએ તેઓના જીવનનિર્વાહ માટે અલગથી યોજનાઓ બનાવી રોજગારીની તકો ઉભી કરવી જોઇએ.





વાંસમાંથી વિવિધ વસ્તુઓ બનાવતા કોટવાળિયાઓ

શિક્ષણ:

પ્રાપ્ત માહિતી મુજબ કોટવાળિયા સમાજમાં અક્ષરજ્ઞાન હતુ જ નહિ, આજે પણ શિક્ષણનું પ્રમાણ તેઓમાં ખૂબ ઓછુ છે. મોટાભાગના ઉત્તરદાતાઓ અભણ છે. જેથી શિક્ષણના સ્તર, ડિગ્રી, લાયકાત કે કેવા પ્રકારનું શિક્ષણ છોકરાઓને આપવું અને ક્યાં સુધીનું શિક્ષણ લેવું તેનાથી તેઓ અજાણ હતા. ૩૩ ઉત્તરદાતાઓ પૈકી ૩૧ ઉત્તરદાતાઓ તેઓના છોકરાઓને ભણાવવા માગે છે પરંતુ તેમાંથી પણ ૨૯ ઉત્તરદાતાઓ જણાવે છે કે તેમની આર્થિક સ્થિતી તેમને શિક્ષણ મેળવવા અવરોધરૂપ બને છે. મળેલ માહિતી મુજબ ૧૯ ઉત્તરદાતાઓના ૪૦ જેટલા છોકરા-છોકરીઓએ અધવચ્ચેથી શિક્ષણ છોડી દીધેલ છે. શિક્ષણની બાબતમાં તમામ ઉત્તરદાતાઓ છોકરા-છોકરીઓ વચ્ચે ભેદભાવ રાખતા નથી એવું જણાવે છે. તેઓ તેમના છોકરા-છોકરીઓ ભણે અને આગળ વધે એવું ઇચ્છે છે.

| અ.નં. | શિક્ષણના પ્રકાર | ઉત્તરદાતાઓની સંખ્યા | ટકાવારી(%) |
|---|---|---|---|
| ૧ | ઇચ્છાનુસાર | ૧૯ | ૫૭.૫૭% |
| ૨ | પ્રાથમિક | ૮ | ૨૪.૨૪% |

| | | | |
|---|---|---|---|
| ૩ | માધ્યમિક | ૪ | ૧૨.૧૨% |
| ૪ | ઉચ્ચ શિક્ષણ | ૨ | ૬.૦૬% |
| કુલ | | | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઇ શકાય છે કે ૫૭% ઉત્તરદાતાઓ તેઓના બાળકોને તેમની ઇચ્છાનુસારનું શિક્ષણ આપવા માગે છે. ૮ ઉત્તરદાતાઓ પ્રાથમિક, ૪ માધ્યમિક અને ૨ ઉચ્ચ શિક્ષણ આપવા માંગે છે. આ આંકડાઓ ઉપરથી કહિ શકાય કે દરેક ઉત્તરદાતાઓ પોતાના બાળકોના શિક્ષણ આપવા પર વધુ ભાર મુકે છે.

## દેવી-દેવતાઓ અને પૂજાવિધિ:

કોટવાળિયાઓના દેવી-દેવતાઓ ચોક્કસ સ્વરૂપે કે આકારિત હોતા નથી. તેમજ તેમના દેવી-દેવતાઓના વ્યવસ્થિત મંદિરો કે મૂર્તિઓ હોતી નથી. પણ પ્રકૃતિની ખૂલ્લી ગોદમાં, ડુંગરના પથ્થરો, પોલાણો, કે ગુફાઓ(બખોલ), ઝાડની છાયા, ડુંગરની તળેટી કે નદીના કાઠેના સ્થાનકોમાં હોય છે. તેઓના દેવી-દેવતાઓને જોતાં તેઓ વન્યધર્મી છે તેમ કહેવાય. તેમની ધાર્મિક માન્યતાઓ, દુ:ખો, અણધારી આપત્તિઓ વગેરેને કારણે સર્જાત્તી નિરાશા તેમના જીવનની ક્રિયાશીલતાને અટકાવી દે છે. પ્રકૃતિની અને તેમના પૂર્વજોની પૂજા-આરાધના કરતા આવ્યા છે અને કરે છે. તેઓના મુખ્ય દેવી-દેવતાઓમાં માતાજી, કનશરીમાતા, બરમદેવ, ઇહમાય, મરીમાતા, અન્નદેવી, ભૂત-પ્રેત અને કેટલાકના જણાવ્યા પ્રમાણે અત્યારે તેઓ અંબામાતાની પણ પૂજા-આરાધના કરે છે.

## ફિલ્ડવર્ક અભ્યાસના તારણો:

પ્રસ્તુત અભ્યાસ કોટવાળિયા આદિમજૂથના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શિક્ષણ અને ધાર્મિકતાને તપાસવાનો પ્રયત્ન છે. અભ્યાસની માહિતી મુખ્યત્વે ફિલ્ડવર્ક પર આધારિત છે. પાણીખડક ગામના ૩૩ કોટવાળિયાઓના ઘરોની માહિતી ઉપર આધારિત છે. અભ્યાસનું સ્વરૂપ મુખ્યત્વે વર્ણનાત્મક છે. સામાજિક રીતે જોતા તેઓ હજુ સભ્ય સમાજ કે આદિવાસીઓ કરતા પાછળ છે. જેથી સરકારશ્રી અને અન્ય સમાજે  તેમની ક્રિયાશીલતાને ગતિશીલ બનાવી તેમની નિરાશાને દુર કરવામાં અને તેમનામાં આત્મવિશ્વાસ સ્થાપવામાં તથા તેમના જીવનને નવો ઘાટ આપવામાં તેઓને મદદ કરવાની ખૂબ જરૂર છે. આર્થિક રીતે તેઓ હજુ અન્ય સમાજથી ઘણા પાછળ રહી ગયા છે. તેઓના માટે સરકારશ્રીએ રોજગારીની નવી તકો ઉભી કરવાની જરૂર છે ઉપરાંત તેમનો જે મુખ્ય વ્યવસાય છે તે વધુ કાર્યાન્વીત બને તેના માટે સહાય કરવી જોઇએ કે જેથી કરીને તેઓને ઘેર બેઠા મજુરી મળી રહે. સંસ્કૃતિની બાબતમાં તેમનામાં નવા વિચારો આવતા ગયા છે. સભ્ય સમાજ અને પશ્ચિમી સંસ્કૃતિનું તેમનામાં પણ સિંચન થવા લાગ્યુ છે. છતાં તેમની પરંરાગત સંસ્કૃતિની બાદબાકી કરવા જેવી નથી. તેઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ ઓછુ છે તે સરકારશ્રી માટે ચિંતા અને ચિંતનનો વિષય છે. દરેક સમસ્યાના સમાધાન માટે શિક્ષણ આવશ્યક છે. માટે તેમનામાં શિક્ષણ પ્રસ્થાપિત કરવાની વર્તમાન માંગ હોય એવું જણાય છે. ધર્મ કે ધાર્મિક માન્યતાઓ, પૂજાવિધિ, જાદુ વગેરેને તપાસતા તેઓ પ્રકૃતિ

પૂજક કે વન્ય ધર્મી છે તેવું સ્પષ્ટ જણાય આવે છે. આમ, કોટવાળિયા આદિમજૂથના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, શિક્ષણ અને ધાર્મિકતાને તપાસતા જાણવા મળે છે કે આજના આધુનિક, યંત્રવૈજ્ઞાનિક અને એકવીસમી સદીમાં પણ અન્ય સમાજોથી જોજનો દૂર છે તે એક નિર્વિવાદ સત્ય છે. આ સત્યને તમામે સ્વીકારી તેઓ પણ અન્ય સમાજોની સમકક્ષ આવે એવા માત્ર સરકારશ્રી જ નહિ પરંતુ તમામે સહિયારા પ્રયાસ કરાવાની આવશ્યકતા છે.

: સંદર્ભસૂચિ :


- ચિત્તળે, દત્તાત્રેય ભાસ્કર (૧૯૭૮): ડાંગ-એક સમ્યક દર્શન, માહિતી ખાતુ, ડાંગ.
- દેસાઇ, ઉર્મિબહેન (૧૯૭૬): સામાજિક માનવશાસ્ત્ર, આદિમજાતિ સંસ્થાઓ, રચના પ્રકાશન, અમદાવાદ.
- દુબે, શ્યામાચરણ (૧૯૮૨): માનવ ઔર સંસ્કૃતિ, (હિન્દી) રાજકમલ પ્રકાશન, નવી દિલ્હી.
- ચૌધરી, જે.ટી. (૨૦૦૨): કોલઘા આદિમજાતિમાં સામાજિક પરિવર્તન, પીએચ.ડી.શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- ગાયકવાડ,એમ.એન.(૨૦૦૦): કોંકણી આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન, પીએચ.ડી.શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- ભોયે, કે.એ.(૨૦૧૨): આદિવાસી સમાજમાં ભગત-ભૂવાની ભૂમિકા: એક સમાજશાસ્ત્રીય અભ્યાસ, પીએચ.ડી.શોધ નિબંધ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

## મનોવિજ્ઞાન વિભાગ દ્વારા સ્ટ્રેસમેનેજમેન્ટ અને ટાઈમ મેનેજમેન્ટ" વિષય સંદર્ભે માર્ગદર્શન સેમિનાર તા.૦૮/૦૨/૨૦૨૦ શનિવાર

મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રા. દિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ "સ્ટ્રેસમેનેજમેન્ટ અને ટાઈમ મેનેજમેન્ટ" વિષય સંદર્ભે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ સાહેબના સાંનિધ્યમાં એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે નિમિત્તે મનોવિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ દ્વારા માનસિક રોગના વિવિધ લક્ષણો દર્શાવતું નાટક પણ રજૂ કરવામાં આવ્યું હતુ જેનો ઉદ્દેશ સાંપ્રત સમયમાં વિવિધક્ષેત્રે સ્ટ્રેસ અનુભવતો માનવી આત્મહત્યા કરવા સુધી પહોચે છે તેને કઈ રીતે તણાવમુક્ત કરી નવ જીવન માટે પ્રેરક બને એ હતું અને સાથે સ્ટ્રેસલેસ કઈ રીતે થઈ શકાય તેના માટેની પ્રયુક્તિ પી.પી.ટી દ્વારા દર્શાવવામાં આવી.



સ્ટ્રેસ મેનેજમેન્ટ પર નાટક રજૂ કરતા વિદ્યાર્થીઓ

# અંગ્રેજી અને એકાઉન્ટન્સી વિષયના રેમેડીયલ ક્લાસિસનું આયોજન કરાયું










# Ek Bharat Shreshtha Bharat Club

**An 'Ek Bharat Shreshtha Bharat' Club was formed at Government Arts and Commerce College, Khergam on January, 18, 2020. The list of students of "Ek Bharat Shreshtha Bharat" Club was sent to the paired institute "Government Sahid Veer Narayan Singh College,Balodabazar " of Chhattisgarh. A meeting was held with the students and teachers of 'Ek Bharat Shreshtha Bharat' Club on January, 23rd 2020, in which the details of the Scheme were explained by the co-ordinator Mr Dharamraj Tembhare. All club members were motivated to do several works included in the scheme and the work assigned to them according to their requests and interests.**

**The first activity of the club was held on January 30, 2020. The club members staged a drama directed by Mr. Jigar Parmar and a video clip of Chattisgarhi drama 'Sarpanch Pati' was screened. A separate notice board to display the map and current information about the paired state is displayed at the entrance door of the college. A whatsapp group for the interested students and teachers is created by the EBSB club co-ordinator to pass the information of paired state and communicate with the members about EBSB club.**

## 'Ek Bharat Shrestha Bharat' Club of Government Arts and Commerce College, Khergam Organised Quiz Competition

**The Quiz Competition was organized under the banner of 'Ek Bharat Shrestha Bharat', 'Saptadhara' and 'Rusa MHRD' on Thursday, February 6, 2020 at the Government College of Khergam. Dr Kamalaben U.Vadhel and Nimuben S. Chaudhary set the questions under the guidance of Principal Dr. Sanjaykumar M. Patel. Total 80 students participated in 16 teams. Team 'Auranga' of FYBA got first prize, team 'Taan' of FYBA second and Team 'Ajmalgadh' of TYBA got third place.The whole program was anchored by S.Y.B.com student Hardik Champaneri, and Ankit Patel of S.Y.B.A.**

## Chhattisgarh Dance became the center of attraction at the 27th Annual Festival of Govt. Arts and Commerce College Khergam.

**Chhattisgarhi Dance and Drama were presented by "Ek Bharat Shreshtha Bharat Club" at the 27th Annual Festival of Government Arts and Commerce College, Khergam Dist-Navsari. Chhattisgarhi folk dances "Mahuva Zare ..." and "Sughar Chhattisgarh" as well as a drama named "Sadhuka Sansar" were staged by the EBSB club Students. The program became successful under the guidance of the Principal of college Dr. Sanjay Kumar Patel, Dharmaraj Tembhare, co-ordinator of 'Ek Bharat Shreshta Bharat' club, Dr. Kamlaban U. Vadhel,Dr. Jayashriben S. Patel and Jigarbhai Parmar.**